ભુજના એ આરોડના આપઘાત પછવાડે સટ્ટાનું પરિબળ હોવાનો ગણગણાટ

ભુજ, તા. ૩૦ : શહેરમાં ગળેફાંસો ખાનારા એ આધેડે આપઘાત કર્યો હોવાના મામલે સટ્ટાખોરી પ્રવૃત્તિ નિમિત્ત હોવાનું અનુમાન પોલીસની પ્રાથમિક તપાસમાં લગાવાઈ રહ્યું છે. તપાસકર્તા અધિકારી પીએસઆઈ શ્રી પટેલે જણાવ્યું હતું કે, હતભાગી ઉમર જુસબ લાખાએ ક્યા કારણે આપઘાત કર્યો તે બાબતે સઘન તપાસ ચાલી રહી છે, પરંતુ પ્રાથમિક તબક્કે એવું જાણવા મળી રહ્યું છે કે, મૃતક ક્રિકેટના સટ્ટાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલો હોવાની વિગતો મળી રહી છે. દરમિયાન મૃતકના પરિવારજનોએ જણાવ્યું હતું કે, હતભાગીએ રાખીબેન કેવરભાઈના ઘરે નહીં, પણ સબીનાબેન કેવરભાઈના ઘરે ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો.

સંસ્કૃતિ સંરક્ષક નારી વિષયે વક્તવ્ય યોજાયું

ભુજ, તા. ૩૦ : રાષ્ટ્રીય બાલિકા દિવસ અંતર્ગત 'સંસ્કૃતિ સંરક્ષક નારી' વિષય પર બ્રહ્માકુમારી ડો. ગીતાદીદીનું આધ્યાત્મિક વક્તવ્ય પ્રોજેક્ટ ચેરપર્સન ભાવના ઝવેરી દ્વારા ઉમા યોગ કેન્દ્ર ભુજ, લાયોનેસ ક્લબ ઓફ ભુજ, વિસા શ્રીમાળી સોની મહિલા મંડળ અને બેન્ક્સ કોલોની મહિલા મંડળના સંયુક્ત ઉપક્રમે યોજાયું હતું. ગીતાદીદીએ જીવનમાં સ્ત્રીની ભૂમિકા, તેના સંબંધોનો હાર્દ અને સમજણનો સેતુ કઈ રીતે ટકાવી શકાય છે એ વિશે વિસ્તૃત છણાવટ કરી હતી. ગીતાદીદી, રશ્મિદીદી, રીનાદીદી અને મંજુદીદીનું હેમાબેન, નીતાબેન, જયશ્રીબેન, રીટાબેન દ્વારા સન્માન કરાયું હતું.

ખંડણી ઉઘરાવવા તથા જાનથી મારી નાખવાના માંડવીના કેસમાં આરોપીના આગોતરા મંજૂર

ભુજ, તા. ૩૦ : માંડવીમાં ધાકધમકીથી ખંડણી ઉઘરાવવા તથા ખંડણીની રકમ ન મળે તો જાનથી મારી નાખવાની ધમકી આપવાના કેસમાં આરોપી કાંતિલાલ વેલજી સરસિયાએ કરેલી આગોતરા જામીન અરજી સેશન્સ કોર્ટે મંજૂર કરી હતી.

આરોપી કાંતિલાલે પોતાની ઓળખ પત્રકાર તરીકે આપી જૂની બાબતનું મનદુઃખ રાખી ફરિયાદી કલ્પેશ પુનશી નંજણાને ખોટા કેસમાં ફસાવી નાખવા સાથે જાનથી મારી નાખવાની ધમકી આપી રૂા. ૫૦ હજારની માગણી કરી હતી. આ કેસમાં આરોપીએ સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન મેળવવાની અરજી કરી હતી. અદાલતે બંને પક્ષની દલીલ સાંભળી આરોપીના આગોતરા જામીન મંજૂર કર્યા હતા. આ કેસમાં આરોપી વતી વકીલ દેવાયત એન. બારોટ, ખીમરાજ એન. ગઢવીની સાથે ઉમેર સુમરા, રામ ગઢવી, રાજેશ ગઢવી, જય કટુઆ, અંકિત એચ. ભાનુશાલી હાજર રહ્યા હતા.

ગીરો મુક્ત દાવો મંજૂર

માંડવી તાલુકાના મોટી ભાડાઈ ગામની ખેતીની જમીનના કબજા ગીરો કેસમાં વાદી ગોપાલજી નામોરજીના વારસ રણજિતસિંહ દુઘુભા જાડેજા તરફે ચુકાદો આપી દાવો મંજૂર કરવામાં આવ્યો છે. માંડવીના અધિક સિવિલ જજે આ હુકમ કર્યો હતો.

અદાલતના દ્વારેથી

આ કેસમાં વાદી તરફે વરિષ્ઠ ધારાશાસ્ત્રી એસ. ટી. પટેલ અને વિનોદભાઈ વી. મહેશ્વરી સાથે હીરલ ચેરા. પટેલ, ધુકેશ એન. બોખાણી, ફિન્ના કે. હરસોરા, મંજીતકૌર કે. ખાઈવાર, જીનલ કે. શાહ, અર્ચના એ. હીરાણી હાજર રહ્યા હતા.

ચેક પરતના કેસમાં આરોપી નિર્દોષ

માંડવી તાલુકાના ઢીંઢ ગામના આરોપી આસિક અબ્દમાન સુમરાએ ફરિયાદી હરિકૃષ્ણ સેલ્સ એજન્સીના પ્રોપરાઈટર રમેશ મનજી હાલાઈ પાસેથી રૂા. ૧૯,૨૦,૦૦૦ના ઘઉં ખરીદ્યા હતા, જે પેટે અપાયેલો ચેક પરત ફર્યો હતો. આ કેસમાં માંડવીની જ્યુડિશિયલ કોર્ટે બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ આરોપીને નિર્દોષ ઠેરવતો ચુકાદો આપ્યો હતો. આ કેસમાં આરોપી તરફે વકીલ અલ્તાબગની એસ. ચાવડા હાજર રહ્યા હતા.

ફોરમનો ગ્રાહક તરફે ચુકાદો

ભુજ તાલુકાના કોડકીના ગ્રામ્ય ઈમરાન ઉમરે આજવિકા રળવા વાહન ખરીદી કરવા ઈક્વિટાસ સ્મોલ ફાઈનાન્સ બેંક લિ.માંથી રૂા. ૬,૫૦,૦૦૦ની લોન લીધી હતી જે પછી નિયમિત હપ્તા ભરાતા હતા, પરંતુ કોરોના મહામારીના કારણે ધંધો પડી ભાંગતાં બાકીની રકમ રૂા. ૫૮,૮૮૦ ચુકવાઈ નહોતી, જે બાબતે બંને રજૂઆત કરતાં ગ્રેડ સાથે ચુકવી આપવા ધરપત અપાઈ હતી, પરંતુ બેંકના ભાડૂતી માણસો દ્વારા બળજબરીપૂર્વક વાહન લીઝ કરાવા બાદ વેચી નખાયું હતું. આ મામલે ગ્રાહક સુરક્ષામાં ધા નખાતાં ફોરમે બંને પક્ષની દલીલ સાંભળી ગ્રાહક તરફે ચુકાદો આપતાં વાસ્તવિક કિંમત અને વેચાણ કિંમતની તફાવતની રકમ ચુકવવા કંપનીને આદેશ કર્યો હતો. આ કેસમાં ફરિયાદી વતી વકીલ વિશાલ બી. મકવાણા, સાજિદ આઈ. તુરિયા, ચૂનીલાલ એલ. લોન્ચા, જે. જે. મહેશ્વરી, મીત એ. ગોહીલ, એમ. એ. કુંભાર, એ. જી. સમેજા અને મમતા આર. વરચંદ હાજર રહ્યા હતા.

મિયાણીમાં હત્યાનો પ્રયાસ કરનાર આઠ આરોપી ઝડપાયા

ભુજ, તા. ૩૦ : અબડાસા તાલુકાના મિયાણી ગામમાં જૂની અદાવતમાં કરાયેલા હત્યાના પ્રયાસમાં સંડોવાયેલા અને ગુનાહિત ઈતિહાસ ધરાવતા ઈસમ સહિત કુલ આઠ આરોપીને પશ્ચિમ કચ્છ પોલીસની સ્થાનિક ગુનાશોધક શાખાએ ઝડપી પાડી તેમની પાસેથી ધોકા-પાઈપ તથા બે કાર સહિત કુલ રૂા. ૧૨ લાખનો મુદ્દામાલ કબજે લીધો હતો.

પોલીસે આપેલી વિગતો મુજબ, એલસીબીએ જુદી-જુદી ટીમો બનાવી આરોપીઓની શોધખોળ આદરી હતી. દરમિયાન માનવીય અને ટેકનિકલ સંદર્ભોના આધારે હાથ ધરાયેલી કાર્યવાહીમાં ગફુર હુસેન પઠેયાર, અજમ જુસબ પઠ્યાર, સલીમ આદમ પઠેયાર, ગુનાહિત ઈતિહાસ ધરાવતા હાફીઝ કાસમ પઠેયાર, જુસબ ઉર્ફે બુઢા મીઠુ પઠેયાર, અલ્તાફ સુમાર ખલીફા, મજુરહુસેન જુમા હમીર પઠેયાર અને હમીદ જાનમામદ હીંગોરાને ઝડપી પાડ્યા હતા.

પોલીસે તેમની પાસેથી પાંચ લાઠડાના ધોકા અને એક લોખંડનો પાઈપ તેમજ જીજે ૧૨ એફએક ૭૫૧૫ અને જીજે ૧૨ એફડી ૯૯૬૬ નંબરની બે કાર મળી કુલ રૂા. ૧૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

જૈનાચાર્યનો દીક્ષાદિન ભુજ ખાતે ઊજવાયો

ભુજ, તા. ૩૦ : લીંબડી અજરામર સંપ્રદાયના નવસંસ્કરણકર્તા જૈનાચાર્ય અજરામરજી સ્વામીનો ૨૬ડમો દીક્ષા દિન ભુજ છ કોટિ સંઘમાં મહાસતીજી કોમલજી તથા જિનશ્રીજીની હાજરીમાં ઊજવાયો હતો. સાધ્વી કોમલજી દ્વારા અજરામરજી સ્વામીના જન્મથી દીક્ષાપર્યાયના ગુણગરિમાયુક્ત વિવિધ પ્રસંગો રજૂ કરાયા હતા. કચ્છ - ગુજરાત - રાજસ્થાનનાં ક્ષેત્રોમાં વિહારયાત્રા દરમ્યાન જનસમુદાયને ધર્માભિમુખ બનાવી નિર્વ્યસની બનાવ્યા, સ્ત્રીશિક્ષણના હિમાયતી વિગેરે ગુણસંપદાથી ઉપસ્થિતોને અવગત કરાવ્યા હતા. સંચાલન સમિતિના જગદીશભાઇ મહેતાએ સ્થાનકવાસી પરંપરાના સંતો માટે, ભુજના પ્રવેશદ્વાર ફરી ખોલવવાની મહત્ત્વની વાત સાથે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. જાપ-સામાયિક-તપ પચ્ચકખાણ સાથેની વિવિધ આરાધનામાં ભાવિકો જોડાયા હતા. આરાધકોની અનુમોદના કરાઇ હતી.

મોટા કાંડાગરામાં આધાર વિનાના ડીઝલ સાથે શખ્સ ઝડપાયો : મુંદરા પોલીસે હાથ ધરેલી કાર્યવાહીમાં તાલુકાના મોટા કાંડાગરા ગામના દરબારવાસમાં રહેતા સંજયસિંહ ભીખુભા જાડેજા નામના શખ્સને આધાર-પુરાવા વિનાના ૧૪૦ લિટર ડીઝલના જથ્થા સાથે ઝડપી પાડ્યો હતો. પોલીસે રૂા. ૧૨,૬૦૦ની કિંમતનું ડીઝલ કબ્જે કરી આરોપી સામે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માંડવીમાં દસ્તાવેજ ખોવાયેલ છે

માંડવીમાં ગણાત્રા ચેમ્બર નાનાલાલ વોરા માર્ગથી ક્લ્યાણ કોમ્પલેક્ષ જૈન ધર્મશાળા રોડ સુધીમાં સ્વ. વિશાલ લક્ષ્મીચંદ ગાલા અને નિરવ લહેરચંદ દેઢીયા ગામ : નાડાઈ, તા. મુંદરા, સર્વે નં. ૨૮૦, જૂના સર્વે નં. ૬૬વાળો દસ્તાવેજ નંબર ૩૯૯૧ ખોવાયેલ છે. જેને મળેથી નીચેના નંબર પર જાણ કરવી યોગ્ય બદલો આપવામાં આવશે.

મો. ૯૯૨૫૪ ૮૪૫૪૭

WELSPUN CORP LIMITED

Welspun CORP

CIN : L27100GJ1995PLC025609

Regd. Office: Welspun City, Village Versamedi, Taluka Anjar, Dist. Kutch, Gujarat, Pincode - 370110.
Corp. Office: Welspun House, Kamala Mills Compound, Senapati Bapat Marg, Lower Parel, Mumbai, Pincode - 400013.
Tel No. 022-2490 8000, **Fax:** 022-2490 8020

STATEMENT OF UNAUDITED CONSOLIDATED FINANCIAL RESULTS FOR THE QUARTER AND NINE MONTHS ENDED DECEMBER 31, 2025

(INR. in crores except earnings per share)

Sr. No.	PARTICULARS	Quarter ended (Unaudited)			Nine Months ended (Unaudited)		Year ended (Audited)
		31-Dec-25	30-Sep-25	31-Dec-24	31-Dec-25	31-Dec-24	31-Mar-25
1	Total Income	4,562.04	4,408.66	3,656.57	12,557.22	10,200.47	14,167.33
2	Net Profit for the period before tax	592.96	588.49	749.39	1,642.50	1,406.65	2,261.88
3	Net Profit for the period after Tax (including non-controlling interests)	456.36	443.51	672.19	1,249.03	1,203.09	1,902.28
4	Total Comprehensive Income for the period	508.78	521.92	718.01	1,370.86	1,251.53	1,945.43
5	Paid up equity share capital (Face value of INR 5/- each)	131.90	131.80	131.17	131.90	131.17	131.17
6	Other Equity						7,331.55
7	Earnings per share (not annualised for the quarter)						
	(a) Basic (In INR)	17.17	16.70	25.73	47.19	46.16	72.80
	(b) Diluted (In INR)	17.16	16.68	25.60	47.16	45.94	72.44

Notes

1 The above is an extract of detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation of 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations 2015. The full format of the Quarterly Financial Results are available on the Stock Exchange websites www.nseindia.com and www.bseindia.com and also on the Company's website www.welspuncorp.com

2 The Unaudited Consolidated and Standalone Financial Results have been reviewed by the Audit Committee and subsequently approved by the Board of Directors of the Company at its meeting held on January 30, 2026.

3 The Consolidated and Standalone Financial Results of the Company have been prepared in accordance with the Companies (Indian Accounting Standards) Rules, 2015 (as amended) (Ind AS) prescribed under Section 133 of the Companies Act, 2013 and other recognized accounting practices and policies to the extent applicable.

4 Additional Information on standalone financial results is as follow:

(INR. in crores)

	Key financials	Quarter ended (Unaudited)			Nine Months ended (Unaudited)		Year ended (Audited)
		31-Dec-25	30-Sep-25	31-Dec-24	31-Dec-25	31-Dec-24	31-Mar-25
a	Total Income	2,390.83	1,980.95	2,481.21	6,306.96	6,670.09	8,981.98
b	Net Profit for the period before tax and exceptional item	213.14	281.82	209.68	768.90	507.80	691.31
c	Net Profit for the period after tax	161.03	365.75	155.91	781.61	377.71	841.69
d	Total Comprehensive Income for the period	180.64	348.34	156.58	760.49	373.19	840.47

Place: Mumbai
Date: January 30, 2026

For and On Behalf of the
Board of Directors of Welspun Corp Limited
Sd/-
Vipul Mathur
Managing Director and Chief Executive Officer
DIN - 07990476

બેંક ઑફ ઇંડિયા Bank of India BOI
ઝોનલ ઓફીસઃ ગાંધીનગર ઝોન, બીઓઆઈ બીલ્ડિંગ, સેક્ટર-૧૬, ગાંધીનગર.
ફોનઃ ૦૭૮-૨૯૬૪૮૧૯, ઈ-મેઈલઃ Gandhinagar.ARD@bankofindia.bank.in

ઈ-હરાજીની તારીખઃ ૧૬.૦૩.૨૦૨૬, સમયઃ સવારે ૧૧:૦૦ થી સાંજે ૫:૦૦
ઈઓમડી અને બીડ ડોક્યુમેન્ટ જમા કરાવવાની છેલ્લી તારીખ ૧૬.૦૩.૨૦૨૬ સાંજે ૫:૦૦ સુધી

સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ, કાયદો, ૨૦૦૨ની સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮(૬) સાથે વંચાણે લેતા લેઝમ ફંગમ અને સ્થાવર મિલકતના વેચાણ માટેની ઈ-હરાજી વેચાણ નોટિસ.
આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને કરજદાર(રો)ને નોટિસ આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર અને જંગમ મિલકતો બેંક ઓફ ઈન્ડિયા, સિક્યોર્ડ ક્રેડિટર પાસે ગિરવે/હાઈપોથેકેટ/પ્લેજ/વાર્ઝમાં મૂકેલ છે જેનો સાંકેતિક કબ્જો બેંક ઓફ ઈન્ડિયા, સિક્યોર્ડ ક્રેડિટરના અધિકૃત અધિકારીએ લીધો છે જેનું 'જેમ છે જ્યાં છે, જે છે તે છે અને જે કાંઈ છે તે છે' ના આધારે નીચે દર્શાવેલ ખાતા/ઓ, કરજદાર/રો અને જામીનદાર/રો પાસેથી વસુલાત માટે વેચાણ કરવામાં આવશે. રિઝર્વ કિંમત અને ઈઓમડી તે પણ નીચે દર્શાવેલ છે.

સ્થાવર મિલકતોની ઈ-હરાજી વેચાણ નોટિસ

કરજદારના નામ અને દુય બાકી	સ્થાવર અને અસ્થાવર મિલકતોની વિગતો	રિઝર્વ કિંમત (રૂા.)	ઈઓમડી (રૂા.)	લાભાર્થી શાખા, ખાતા નં. IFS કોડ અને સંપર્ક નં.
મે. ટી.સી. ટ્રેઝીંગ (ભાગીદારી પેઢી), ખાતા નં. ૩૮૫૦૩૦૧૦૦૦૦૦૬ (કેશ ક્રેડિટ) ભાગીદાર: (૧) શ્રી પ્રસુન બંસલ જે તારાચંદ બંસલના પુત્ર (ભાગીદાર, કરજદાર અને ગીરોદાર), ભાગીદાર: (૨) શ્રીમતી રીંકી બંસલ જે પ્રસુન બંસલના પત્નિ (ભાગીદાર અને કરજદાર), જામીનદાર: શ્રીમતી સંગીતા બંસલ જે તારાચંદ બંસલના પત્નિ (જામીનદાર અને ગીરોદાર), સૂ. ૧૧,૫૩,૧૩,૨૬૯.૯૪ (વિભાજન ૧૩(૨) મુજબની ખાતાની બાકી રૂા. ૧૧,૯૯,૩૯,૩૮૮.૨૬ + રૂા. ૩,૭૩,૪૨૧.૨૮ (લાગુ પડી કરેલ વ્યાજ) કુલ રૂા. ૧૧,૫૩,૧૩,૨૬૯.૯૪) સાથે તે પછી આગળનું વ્યાજ/ચાર્જીસ/કોસ્ટ/ખર્ચાઓ. (કબજો સાંકેતિક)	ઈન્ડસ્ટ્રીયલ જમીન અને ઈમારત પર બનાવેલ ન્યાયપૂર્ણ ગીરો, પ્લોટ નં. ૪, આરએસ નં. ૨૩ અને ૨૮, ગામ: મેઘપર બોરીચી, તાલુકા અંજાર, જીલ્લો કચ્છ, ગુજરાત-૩૭૦૧૦૦. કુલ માપ ૧૨૪૩૯.૭૦ ચો.મી.	૧૪૪૩.૦૦ લાખ	૧૪૩.૦૦ લાખ	ખાતા નં. 385090200000033 ઈ-ટ્રમ્પીપ્રેઝી બેંક એસ., BOI, ગાંધીધામ શાખા, IFSC: BKID0003850

ઈ-હરાજીના નિયમો અને શરતોઃ (૧) ઈ-હરાજી 'જેમ છે જ્યાં છે, જે કાંઈ છે તે છે અને જે કાંઈ છે તે ત્યાં છે' ના આધારે થશે અને 'ઓનલાઈન' યોજાશે. (૨) વધારે વિગતો, પ્રક્રિયા પૂરી કરવા અને નિયમો અને શરતો ગ્રડેનલોડ કરવા માટે મહેરબાની કરીને જુઓઃ એ https://www.bankofindia.bank.in બી: ઈ-હરાજી વર્ચિસ પ્રોવાઈડરની વેબસાઈટઃ https://www.baanknet.com બીડરો જોઈ શકે છે https://www.baanknet.com માં બીડરો માટે શૈક્ષણિક વિડીયોઝ સાથે "ગાઈડલાઈન્સ" ઉપલબ્ધ છે. બીડરોએ નીચેની ઓપ્યુવારિકતાઓ એડ્યાન્સમાં પૂરી કરવાની રહેશેઃ પગલું ૧: બીડર ખરીદદાર રજિસ્ટ્રેશન: બીડરે પોતાના મોબાઈલ નંબર અને ઈ-મેઈલ આઈડીનો ઉપયોગ કરીને ઈ-હરાજી પ્લેટફોર્મ (ઉપર આપેલ લિંક) પર રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. પગલું ૨: કેવાયસી વેરિફિકેશનઃ બીડરે જરૂરી કેવાયસી દસ્તાવેજો અપલોડ કરવાના રહેશે. કેવાયસી દસ્તાવેજો ઈ-હરાજી વર્ચિસ પ્રોવાઈડર દ્વારા તપાસવામાં રહેશે (૨ દિવસ લાગી શકે). પગલું ૩: ઈએમડીની રકમની બીડર ઓનલાઈન ઈએમડી વોલેટમાં ટ્રાન્સફરઃ ઈ-હરાજી પર જવાદેર કરેલ વચાણની ઉપયોગ કરીને, નેફટ/કરંટ ટ્રાન્સફરનો ઉપયોગ કરીને ઓનલાઈન/ઓફલાઈન ઈઓ ટ્રાન્સફર કરી શકે છે. પગલું ૪: બોલીની મર્યાદા અને હરાજીના પરિણામ: સ્થ યવચના વર્ચિસ્ટર્સ બીડરો ૧,૨ અને ૩ પગલાં પૂરાં કરીને ઈ-હરાજી પ્લેટફોર્મ પર ઓનલાઈન બોલી (બીડ) લગાવી શકે છે. મહેરબાની કરીને નોંધ લેવી કે ૩ પગલાં બીડરોએ ઈ-હરાજીની તારીખ પહેલાં વહેલી તકે પૂરાં કરવાના રહેશે. (૩) અધિકૃત અધિકારીની કોષ્ટમ માલિકી અને જાણકારી મુજબ મિલકતો/તો પર કોઈ કરબારણ નથી. તેમ છતાં ઈચ્છુક બીડરોએ પોતાની રીતે સ્વતંત્રપણે કરબારણ, હરાજીમાં મૂકાયેલ મિલકતના ટાઈટલ અને મિલકતને અસરકર્તા દાવા/અધિકાર/વેચાણ વગેરે અંગે નો-ડ્યુ કરવાના પહેલા તપાસ કરવી રહે. ઈ-હરાજી પ્રગેશન કોઈ પણ રીતે બેંક તરફની કોઈ પ્રતિનિધત્વ કે કોઈ રજૂઆત દ્વારાવની નથી કે દ્વારાવશે નહીં. મિલકતનું બેંકને જાણવા કે અજાણવા હાલના કે ભવિષ્યના કરબારણો સહિત વેચાણ થશે. અધિકૃત અધિકારી/સિક્યોર્ડ લેણદાર બેંક કોઈ ત્રીજા પાર્ટીના દાવા/અધિકાર/વેણાં વગેરે અંગે કોઈ રીતે જવાબદાર રહેશે નહીં. ઓનલાઈન બીડ જમા કરાવ્યા પછી હરાજીમાં મૂકાયેલ મિલકતો/તો અંગેના કોઈપણ પ્રકારના દાવાને વચાવી લેવાશે નહીં. નીરીક્ષણની તારીખઃ ૧૨.૦૩.૨૦૨૬, સવારે ૧૧:૦૦ થી ૪:૦૦ સુધી કે તે અગાઉ પૂર્વમંજૂરી સાથે કરી શકાશે. સંપર્ક નં. ગોપીપાલ (૬૩૪૪૩૫૬૨૬). (૫) બીડ મત્તા ઓનલાઈન પ્રક્રિયાથી જ જમા કરાવવાનું રહેશે. (૬) બીડરોએ વેચાણની શરતો અને નિયમો વાંચેલ અને સમજેલ છે અને એમને બંધનકર્તા છે એમ માની લેવાશે. (૭) આપેલ બીડની કિંમત રિઝર્વ કિંમતથી વધારે હોવી જોઈએ અને બીડરો પોતાની આગળની ઓફરો રૂા. ૫,૦૦,૦૦૦ (અંકે પાંચ લાખ પુરા)ના ગુણાકારમાં વધારી શકશે. (૮) બીડ જમા કરવાના અનાઈ મિલકતનું નિરીક્ષણ કરીને પોતાની ખાતરી કરી લેવાની જવાબદારી સ્વ યવચના બીડરોની છે. (૯) સફળ બીડરની અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઈએમડી) વેચાણના ભાગ તરીકે સ્વીકારી લેવાશે અને નિષ્ફળ બીડરની ઈએમડી ઈ-હરાજી વેચાણ પ્રક્રિયા પૂરાવેલી પરત કરવામાં આવશે. (૧૦)અર્નેસ્ટ મની ડિપોઝીટ પર કોઈ વ્યાજ આપવામાં આવશે નહિં. અધિકૃત અધિકારી દ્વારા બીડ પ્રાઈસનો સ્વીકાર થયા પછી, સફળ ખરીદદારે વેચાણ કિંમતના ૨૫% રકમ અગાઉ જમા કરાવેલ ઈએમડીની રકમ સાથે તરત જ એ જ દિવસે જમા કરાવવી પડશે અને બાકીની રકમ વેચાણના દિન ૧૫માં જમા કરવાવાની રહેશે. હરાજી વેચાણ બેંકની મંજુરીને આધારે થશે. બીડર દ્વારા કોઈ પણ તબક્કે રકમ જમા કરાવવામાં કસૂર થયેથી ખરીદદાર દ્વારા અગાઉ જમા કરાવેલ તમામ રકમ જપ્ત થઈ જશે અને મિલકત ફરીથી હરાજીમાં મૂકાશે અને કસૂરવાર ખરીદદારને મિલકત/લાભ અંગે કોઈ લાભોઅધિકાર આપશે નહીં. (૧૧) ઈ-સરનેર નેટવર્કની સમસ્યા/પાવર ફેલ્યર/કોઈ અન્ય ટેકનિકલ ખામી/ફેલ્યર વેગેરે કોઈ પણ સમસ્યા અંગે ના તો અધિકૃત અધિકારી કે બેંક જવાબદાર રહેશે નહીં. આવી ટેકનીકલ પરિસ્થિતિ ન ઉદ્ભવે તે માટે સ્વ યવચના બીડરોને વિનંતી છે કે પોતાને ટેકનીકલી સફળ કરી લે, પુરતો પાવર બેક અપ વગેરે રાખે જેથી ઈ-હરાજીમાં સફળતાથી ભાગ લઈ શકે. (૧૨) ખરીદદારે લાગુ પડતા સ્ટેમ્પ ડ્યુટી/રજિસ્ટ્રેશન ફીઝ/અન્ય ચાર્જીસ વગેરે તેમ જ તમામ સ્ટેચ્યુટરી/નોન-સ્ટેચ્યુટરી લેણાં, ટેક્સીસ, આકારણી ચાર્જીસ વગેરે કોઈના પણ હશે તે ભરપાઈ કરવાના રહેશે. (૧૩) અધિકૃત અધિકારી/બેંક વર્ચિસ્ટર ઓફર સ્વીકારવા બંધાયેલ નથી અને કોઈપણ કારણ આપ્યા વિના કોઈપણ કે તમામ ઓફર(રો) સ્વીકારવા કે નકારવા કે ઈ-હરાજી વેચાણ મોકૂફ રાખવાનુંછુટ ડોમાં ડોમાં ડોમાં